# અશોક સોસાયટીના અસરગ્રસ્તોના મામલતદાર કચેરીએ ધામા...

બનાસકાંઠામાં આકાશી આફત વચ્ચે વ્યાપક ખાનાખરાબી સર્જાઈ છે. ત્યારે પાલનપુરમાં નુક્સાનીના સર્વે બાદ સહાય ચૂકવણીની કામગીરી બેઠા જ બે-ચાર ઘરનો સર્વે કરી જતા રહ્યા હતા. જેના પગલે સોસાયટીના મોટાભાગના રહીશોના ઘરનો સર્વે થયો નથી. જેથી તેઓ સહાયથી વંચિત રહી જશે



હાથ ધરાઈ છે. પાલનપુરની અશોક સોસાયટી માં સર્વે કર્યા વિના ટિમ પરત જતા અસરગ્રસ્તોએ મામલતદાર કચેરીએ ધામા નાખ્યા હતા.

પાલનપુરના માનસરોવર રોડ પર રેલવે ટ્રેકની પાછળ આવેલી અશોક સોસાયટીના અસરગ્રસ્તો ના જણાવ્યા મુજબ, આજે નુક્સાનીનો સર્વે કરવા કેટલાક કર્મચારીઓ આવ્યા હતા. જેઓ ગાડીમાં બેઠા

તેવી દહેશત તળે અસરગ્રસ્તોએ મીડિયા સમક્ષ હૈયાવરાળ ઠાલવી મામલતદાર કચેરીએ ધસી ગયા હતા.

જ્યાં મામલતદાર સમક્ષ પોતાની આપવીતી રજુ કરી હતી. જોકે, મામલતદાર દ્વારા ફોર્મ ભરીને આપી જાવ ત્યારબાદ ઘટતુ કરવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

### મુખ્યમંત્રીએ ૬૧મા જન્મદિવસનો પ્રારંભ

# પૂર પ્રભાવિત નાણોદરના ગ્રામજનો સાથે મુખ્યમંત્રીનો સંવાદ

### હું નરમાં નારાયણ જોઉ છું તેથી જન્મદિવસે વરસાદ આપત્તિગ્રસ્ત નાગરિકો-ગ્રામજનોની વચ્ચે સેવા માટે આવ્યો છું

પાલનપુર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ૬૧મા જન્મદિવસનો આજે પ્રારંભ બનાસકાંઠાના અતિવૃષ્ટિ પ્રભાવિત નાણોદર ગામના ગ્રામજનો સાથે તેમની ખબરઅંતર પૂછીને અને આ અતિવૃષ્ટિમાં તેમને સરકારી તંત્ર દ્વારા મળેલ બચાવ રાહત-સહાયની વિગતો મેળવીને કર્યો હતો.

અતિવૃષ્ટિથી પ્રભાવિત બનાસકાંઠા અને પાટણમાં રાહતકાર્યોના માર્ગદર્શન માટે પાંચ દિવસ પાલનપુરમાં જ રોકાણ કરી રહેલા વિજયભાઈ રૂપાણી આજે સવારે આ નાણોદરના ગ્રામજનો વચ્ચે પહોંચ્યા હતાં. તેમણે કહ્યું કે હું નરમાં નારાયણ જોઉ છું, તેથી મારો જન્મદિવસ આ આપત્તિગ્રસ્ત ગ્રામજનો વચ્ચે



મનાવવાની મને તક મળી છે.

મુખ્યમંત્રીએ નાણોદરના અસરગ્રસ્તોને તેમને મળેલી સહાય-રાહતની વિગતો મેળવતા જણાવ્યું કે રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને જિલ્લા વહીવટીતંત્રની સતર્કતા અને અગમચેતીના કારણે આટલા ભારે વરસાદ અને પૂર છતાં પણ મોટી જાનહાનિ નિવારી શકાઈ છે.

મુખ્યમંત્રીએ રેલ નદીમાં આવેલા ભારે પૂરે બનાસકાંઠામાં જે તારાજી સર્જી તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ રેલ નદીના પ્રવાહને કચ્છ અને કચ્છના રણ તરફ લઈ જવાની શક્યતાઓ તપાસવા તજજ્ઞોને શક્યતાદર્શી અહેવાલનું કામ સોંપવા વિચાર્યું છે.

## મોડાસા નગરપાલિકા અને કોમર્સ કોલેજ મોડાસા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

૬૮મા વનમહોત્સવ નીમીત્તે મોડાસા નગરપાલિકા અને કોમર્સ કોલેજ મોડાસા દ્વારા માલપુર રોડ પર આવેલા ઓધારી તળાવ ઉપર વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ માટે વનવિભાગ દ્વારા નર્સરીમાંથી આ બંને સંસ્થાઓને રોપાઓ આપવામાં આવ્યા હતા.

# જન્મદિને પણ પૂર આફતગ્રસ્તો વચ્ચે સેવારત રહીને શાસન દાયિત્વનું ઉદાહરણ પ્રસ્થાપિત કરતા વિજયભાઈ રૂપાણી

### પાલનપુરના શ્રી પલ્લવીયા પાર્શ્વનાથજી ભગવાનના દેરાસરમાં પૂજા-અર્ચના કરી

પાલનપુર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અતિવૃષ્ટિ પ્રભાવિત બનાસકાંઠા જિલ્લામાં રાહત કાર્યોના નેતૃત્વ નિરીક્ષણ અને માર્ગદર્શન માટેના પાંચ દિવસના રોકાણના ચોથા દિવસે આજે તેમના ૬૧મા જન્મદિને મુખ્યમંત્રીએ ઉપાશ્રયમાં જઈને પરમ પૂજ્ય આચાર્યદેવ રાજતિલક સાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબને મળીને શુભાશિષ પ્રાપ્ત કર્યા હતાં.

આ પ્રસંગે જૈન અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રી અને ધર્મપત્ની અંજલિબહેનનું ઉષ્માભર્યું સ્વાગત અને



પૂર પીડિતો વચ્ચે રહીને સાદગીનું દ્દષ્ટાંત આપ્યું હતું.

મુખ્યમંત્રીએ આજે પૂર પ્રભાવિતોની મુલાકાત લેતા પહેલા પાલનપુરના શ્રી પલ્લવીયા પાર્શ્વનાથજી ભગવાનના દેરાસરમાં ધર્મપત્નિ શ્રીમતી અંજલિબહેન સાથે ભક્તિભાવપૂર્વક દર્શન, આરતી તથા પૂજા અર્ચના કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

આ ભક્તિભાવયુક્ત ઘડીએ મુખ્યમંત્રીએ બનાસકાંઠા જિલ્લો પૂરના પરિણામોમાંથી ઝડપથી બહાર આવે તેવી શુભ કામના કરી હતી.

સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીના જન્મદિવસ પ્રસંગે મુંબઈના અહિંસા સંઘ દ્વારા પૂરગ્રસ્તોને સહાય માટે રૂ. ૧૧,૧૧,૧૧૧ના દાનની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીના જન્મદિવસના ઉપલક્ષમાં પાલનપુરના હીર વલ્લભ જૈન ગ્રુપ દ્વારા પૂરગ્રસ્તો માટે ૬૧૦ ધાબળા તથા અનાજ-વાસણની ૬૧૦ કીટ ભરેલા ટ્રકને મુખ્યમંત્રીના વરદ હસ્તે લીલી ઝંડી અપાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતું.

# અરવલ્લીના પિશાલ તરફના ૧૫ ગામોને ભારે હાલાકી

અરવલ્લી, તા. ૨

અરવલ્લી જિલ્લાના પિશાલ તરફના ૧૫ ગામના લોકોને તાલુકામથક મેઘરજ જવાના રસ્તે આવતી વાત્રક નદી પર પુલ ના હોવાના કારણે લોકોને પોતાના વહીવટી તેમજ અન્ય કામ માટે જઈ શકાતું નથી. આ તમામ ગામો ચોમાસામાં સંપર્ક વિહોણા રહે છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં આવેલ પિશાલ તેમજ આસપાસના ૧૫થી વધુ ગામના લોકોને તાલુકામથક મેઘરજ જવાના રસ્તે આવતી વાત્રક નદી ચોમાસામાં બે કાંઠે વહે છે. આ નદી પર પુલ કે કોજ વે નથી જેના કારણે આ વિસ્તારના લોકોનો ચોમાસામાં તાલુકામથક સાથે સંપર્ક કપાઈ જાય છે. આ વિસ્તારના ગામ લોકોને દૂધનો પગાર લેવા વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે વહીવટી કામકાજ અર્થે દરરોજ મેઘરજ જવું પડે છે ત્યારે પિશાલ અને મેઘરજ જવાના રસ્તે આવતી વાત્રક નદી પરથી પુલ ના હોવાને કારણે જઈ શકાતું નથી કોઈ બીમારી હોય ત્યારે ૧૦૮ પણ આ રસ્તે આવી શકતી નથી. આ



બાબતે ગામલોકોએ અનેક વખત સરકારીતંત્રમાં રજૂઆત કરી છે પણ તંત્ર દ્વારા કોઈજ કામગીરી હાથ ધરવામાં આવી નથી. હાલ આ ગામના લોકોને મેઘરજ જવું હોય તો ૧૫ થી ૧૭ કિલોમીટર ફરીને જવું પડે છે જેના કારણે સમય અને નાણાંનો પણ વ્યય થાય છે જેથી ઝડપથી મેઘરજથી પિશાલ ગામને જોડતી વાત્રક નદી પર પુલ બનાવવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે અને જો આ માગણી સંતોષવામાં ના આવે તો આગામી વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે.

મેઘરજ તાલુકાનું પિશાલ ગામ તાલુકાની ઈપલોડા ગ્રામપંચાયતમાં આવે છે. આ વિસ્તારના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય પર નિર્ભર છે. તેઓને ગ્રામપંચાયતનું કઈ પણ કામકાજ હોય સસ્તા અનાજની દુકાનેથી વ્યાજબી ભાવનું અનાજ કેરોસીન લેવું હોય તો ઈપલોડા ગામે જવું પડે અને પિશાલથી ઈપલોડા ગામ વચ્ચે ૧ કિલોમીટરના અંતરે વાત્રક નદી આવે છે. જે ચોમાસામાં પુલ ના હોવાને કારણે જઈ શકાતું નથી. આ વિસ્તારની ગરીબ જનતાને જવું હોય તો ૧૫ કિલોમીટર ફરી ને જવું પડે છે જે ચીજવસ્તુની કિંમત કરતા ભાડું વધી જાય તેમ છે વિદ્યાર્થીઓ શાળાએ પણ જઈ શકતા નથી ચોમાસામાં અભ્યાસથી વંચિત રહેવું પડે છે જેથી સત્વરે પિશાલ અને ઈપલોડા ગામને જોડતા રસ્તે આવતી વાત્રક નદી પર પુલ બનાવવામાં આવે એવી ગામ આગેવાનોની માગ છે.

આ સમગ્ર હકીકત અંગે મેઘરજ મામલતદારને જાણ કરતા તેઓએ પિશાલ અને મેઘરજને રસ્તે આવતી વાત્રક નદી પર પુલ બનાવવા માટે આગામી સંકલનની મીટીંગમાં ઠરાવ કરી જે તે વિભાગમાં મોકલી ઝડપથી પુલ બનાવવાની કામગીરી કરવામાં આવશે તેમ જણાવ્યુંહતુ.

## મોડાસાના કઠલાના ફાર્મ નજીક ગાયને બચાવવા જતા ટેમ્પો પલટી ગયો

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા કઠલાના ફાર્મ નજીક મંગળવારે સવારના સુમારે બોલાયી ગયા હતા. સદ્નસીબે જાનહાની ટળતા દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



મોડાસાના કાબોલા નજીક આવેલી પુંઠાની ફેક્ટરીમાં પુંઠા પહોંચાડવા જતા ટેમ્પો સામે અચાનક રોડ પર ગાય આવી જતા ટેમ્પો ચાલકે ગાયને બચાવવા જતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટેમ્પો પલટી જતા કેબીનના ભાગના ભુકેભૂક્કા

અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા-રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા ગામોના ખેતરો બંને બાજુ આવેલા હોવાથી પશુપાલકો તેમના પશુધનને રોડ પરથી પસાર થતા છાસવારે અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે.

## સરસ્વતી વિદ્યાલય, મોડાસામાં વિદાય-અભિવાદન સમારંભ યોજાયો

મોડાસા, તા. ૨

મોડાસાની રાષ્ટ્રલેવલ પર નામાંકીત થઈ ચૂકેલી શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયના સિનિયર ક્લાર્ક સતીષ દેવરામભાઈ પટેલનો વિદાય અભિવાદન સમારંભ યોજાયો હતો. છેલ્લા ૧૭ વર્ષથી આ શાળામાં કાર્યરત સતીષભાઈએ નિષ્ઠા, પ્રમાણીકતા અને ચીવટથી સાથે ઉત્તમ કામગીરી બજાવી, પોતાની માતૃસંસ્થામાં પુનઃ પગરણ માંડ્યા હતા.

તેમની ઉત્તમ કામગીરી બદલ શાળાના આચાર્ય ડૉ. જિજ્ઞેશ આર. સુથાર, મંડળ પ્રમુખ મોહન પટેલ, મંત્રી હંસરાજ પટેલ, ઉપપ્રમુખ અંબાલાલ પટેલ, સહમંત્રી રણછોડ પટેલ, હેડક્લાર્ક અશોક પટેલ, પ્રા.વિ.ના આચાર્ય વિનોદ પટેલ, બી.સી. બારોટ તથા સમગ્ર મંડળ અને શાળા પરિવાર તેમને મોમેન્ટો ભેટ તથા શાલ અર્પણ કરી અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા સુપરવાઈઝર જયેન્દ્ર પંડ્યાએ તથા આભારવિધિ હિતેન્દ્ર પટેલે કરી હતી.

# મોડાસા-હિંમતનગર રોડ પર 'બર્નિંગ ટ્રક'ની ઘટનાથી અફડાતફડી

### ગોધરાથી બનાસકાંઠા અતિવૃષ્ટિ વિસ્તારમાં ઘાસચારો ભરેલી ટ્રક રાજેન્દ્રનગર ચોકડી નજીક વીજતાર અડકી જતા શોર્ટ-શર્કિટથી સ્વાહા

મોડાસા, તા. ૨

ગુજરાત સહીત રાજ્યમાં મેઘરાજાએ ભારે તબાહી મચાવતા બનાસકાંઠા જિલ્લા સહીત ધાનેરા



તાલુકામાં પારાવાર નુકસાન થતા અને કેટલાય ગામડાઓમાં પાણી ફરી વળતા નકશામાંથી ભૂંસાઈ ગયા હોય તેમ અતિવૃષ્ટિનો ભોગ બનતા કુદરતી આફતમાં બનાસકાંઠા વિસ્તારના પ્રજાજનો અને પશુઓની મદદ માટે લોકોએ સહાયનો ધોધ વહાવ્યો છે. અને પૂરગ્રસ્તો માટે જનજીવન થાળે ના પડે ત્યાં સુધી લોકો ખભે ખભા મિલાવી આશ્વાશન પૂરું પડી રહ્યા છે. ગોધરાથી પશુઓ માટે ઘાસચારો ભરી બનાસકાંઠા જતી ટ્રકને રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા ઉમિયાકંપા નજીક વીજતાર ટ્રકમાં ભરેલા ઘાસને અડકી જતા શોર્ટ-શર્કિટથી સૂકું ઘાસ ભડ-ભડ સળગી ઉઠતા અને આગ ટ્રકના કેબીનમા પ્રસરતા ટ્રકને પણ ભારે નુકસાન થયું હતું. ફાયરબ્રિગેડ પહોંચી આગને કાબુમા લીધી હતી. ટ્રકમા આગ લગતા વાહનવ્યવહાર કલાક સુધી થંભી જતા ભારે ટ્રાફિકજામ થયો હતો.

પંચમહાલ જિલ્લાના ગોધરામાંથી બનાસકાંઠાના પૂરગ્રસ્તોના પશુઓ માટે ઘાસચારો લઈ નીકળેલા રમજાની અબ્દુલસલીમ સુરતી(રહે. મીઠીખાણ-ગોધરા) ટ્રક(ગાડી.નં જી.જે.૦૬. વાય.વાય. ૫૦૪૪)માં ભરી પસાર થતો હતો ત્યારે મોડાસા-હિંમતનગર રાજ્યધોરી માર્ગ પર આવેલા ઉમિયાકંપા નજીક વીજતાર ટ્રકમાં ભરેલ ઘાસચારાને અડકતા શોર્ટ-શર્કિટથી ઘાસચારામાં આગ લાગી. ટ્રકના કેબિનમાં પ્રસરતા જોતજોતામાં ઘાસચારો અને ટ્રક કેબીન બળીને ખાખ થયી ગયા હતા. ટ્રકચાલક ટ્રકમાંથી ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. ૧૦૦ નંબર જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમ ફાયર ફાયઈટર સાથે ઘટનાસ્થળે ધસી જઈ આગ પર કાબુ મેળવ્યો હતો. ટ્રકમાં લાગેલી આગની અગનજ્વાળાઓ ઊંચે આંબતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. ટ્રકમાં લાગેલી ભીષણ આગથી એક કલાક જેટલો સમય પોલીસે તકેદારીના ભાગરૂપે અટકાવી દેતા સતત વાહનોની અવર-જવરથી ધમધમતા રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા રૂરલ પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લીમાં કોંગ્રેસના ધારાસભ્યોની ઘર બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

અરવલ્લી, તા. ૨

રાજ્યસભાની ચૂંટણી પૂર્વે ભાજપ પર હોર્સટ્રેડીંગના આરોપ સાથે કોંગ્રેસ પ્રદેશના નેતાઓ દ્વારા ચૂંટણીપંચને રજૂઆત કરવામાં આવી હતી. રજુઆતના પગલે ચૂંટણીપંચે રાજ્ય સરકારને તમામ કોંગી ધારાસભ્યોના પરિવારને સુરક્ષા આપવા હુકમ કર્યો હતો. ત્યારે ગૃહ વિભાગના આદેશ અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા અને ભીલોડાના ધારાસભ્યોના નિવાસસ્થાન અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરે ત્રણ-ત્રણ પોલીસ જવાનો મુકી પરિવારજનોને સુરક્ષા પુરી પાડવામાં આવી છે.

કોઈ અજાણ્યા શખ્સો રાજ્યસભાની ચૂંટણીને લઈ પરિવારજનોને હેરાન ના કરે કે બળજબરી કરી દબાણ લાવે નહિ તે મામલે સુરક્ષા પુરી પડાઈ છે. હાલમાં



મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને ભિલોડાના ધારાસભ્ય અનીલભાઈ જોષીયારા અન્ય ધારાસભ્યો સાથે બેંગ્લોરમાં છે. ત્યારે આ મામલે ધારાસભ્યોના પરિવારજનોએ સુરક્ષા આપવાની બાબતને આવકારી હતી.

પૂર્વ વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા અરવલ્લીની બાયડ વિધાનસભા સીટના ધારાસભ્ય છે. પણ તેઓ ગાંધીનગર ખાતે વસંતવગડો ખાતે નિવાસસ્થાન ધરાવે છે.

# પ્રાંતિજ તથા તાલુકામાં મા દશામાની મૂર્તિઓનુ વાજતે-ગાજતે વિસર્જન

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના દસ દિવસના વ્રત બાદ છેલ્લા દિવસે જાગરણ કરી વાજતેગાજતે મા દશામાની મૂર્તિઓનુ વિસર્જન પ્રાંતિજ સહિત તાલુકામાં ઠેરઠેર કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના વ્રત કરતી મહિલાઓ દ્વારા મા દશામાની મૂર્તિનું દસ દિવસ માટે પોતાના ઘરે સ્થાપણ કરી દસ દિવસ ઉપવાસ કરી સવાર સાંજ મા ની આરતી ઉતારી માને ભાવતાં ભોજન સહિત પ્રસાદ અર્પણ કરી માને રીઝવતા હોય છે અને માંના આશીર્વાદ લેતા હોય છે જયારે દશમાં દિવસે આખી રાત જાગરણ કરી વહેલી સવારે મા દશામાની મૂર્તિનું તળાવ કે નદીમાં પધરામણી કરી વ્રતનું સમાપન કરે છે ત્યારે પ્રાંતિજ સહિત પંથકમાં ઠેરઠેર તળાવ બોખ નદીમાં મા દશામાની મૂર્તિ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં પ્રાંતિજ ખાતે પણ મા દશામાના મંદિર પાસે આવેલ બોખમાં મા દશામાની મૂર્તિઓની પધરામણી કરવામાં આવી હતી. જયારે મંદિરના વિશાળ ચોકમાં મહિલાઓ દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી. જયારે મા દશામાના મંદિરના વ્યવસ્થાસ્થાપક નિત્યાનંદભાઈ દ્વારા મૂર્તિ વિસર્જન માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારે પ્રાંતિજ પી.આઈ ટી.બી. રાઠોડ દ્વારા પણ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.